# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-04-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના વારાણસીમાં અંદાજે 6 હજાર 350 કરોડ રૂપિયાના વિકાસ પ્રકલ્પોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું.

2) પશ્ચિમ બંગાળમાં આવતીકાલે બીજા અને અંતિમ તબક્કાનું મતદાન- પોલીસે સુરક્ષા કામગીરી સુદ્રઢ બનાવી.

3) ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં મોટા ભાગની બેઠક પર ભાજપનો વિજય.

4) કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને દેશવ્યાપી હિટવેવ અંગે માર્ગદર્શિકા જાહેર કરી.

5) IPL ક્રિકેટમાં, આજે પંજાબ કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો.

………………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. EVE. PM - VARANASI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના વારાણસીમાં અંદાજે 6 હજાર 350 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું. વારાણસીમાં મહિલા સંમેલનને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકાર દેશના નીતિ નિર્માણમાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે અને મુખ્ય ધ્યેય લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામત લાગુ કરવાનો છે.

( BYTE : PM-ON-WOMAN—BILL )

તેમણે ઉમેર્યું, દેશની મહિલા શક્તિ વિકસિત ભારતનો સૌથી મજબૂત સ્તંભ છે. શ્રી મોદીએ કહ્યું કે, આજે બે અમૃત ભારત ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી છે જે ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર વચ્ચે જોડાણ વધારશે.

( BYTE : PM-ON-VARANASI-PROJECTS )

શ્રી મોદીએ વારાણસી-પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન ત્રીજા અને ચોથા રેલ્વે લાઇન પ્રોજેક્ટનો પણ શિલાન્યાસ કર્યો.

# SECURITY OPERATIONS

પશ્ચિમ બંગાળમાં, પોલીસે આવતીકાલે યોજાનાર બીજા તબક્કાના મતદાન પહેલા સુરક્ષા કામગીરી સુદ્રઢ બનાવી છે. મતદાન સંબંધિત જિલ્લાઓમાં ગઈકાલે 800 થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં બે હજાર 300 લોકોની ધરપકડ કરવામાં આવી છે. મુક્ત અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પંચના નિર્દેશ પર કાર્યવાહી કરતા, પોલીસે અસામાજિક તત્વો સામે અટકાયતી પગલાં લીધા છે. કેન્દ્રીય દળોએ જિલ્લાઓમાં પેટ્રોલિંગ, રૂટ માર્ચ અને ચેકપોઇન્ટ નિરીક્ષણ પણ વધારી દીધું છે.

# EC-VOTER LIST

પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાના મતદાન પહેલા, સર્વોચ્ચ અદાલતના નિર્દેશને અનુસરીને, ચૂંટણી પંચે ફરી એકવાર વધારાની મતદાર યાદી પ્રકાશિત કરી છે. ટ્રિબ્યુનલમાં રજૂ કરાયેલી અરજીઓનો નિકાલ કર્યા પછી, સુધારેલી યાદીમાં એક હજાર 468 નવા મતદારોનો સમાવેશ કરાયો છે, જ્યારે 6 નામ દૂર કરાયા છે. આવતીકાલે, બીજા તબક્કાની ચૂંટણીના ભાગરૂપે રાજ્યના સાત જિલ્લાઓમાં 142 વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન થશે. અગાઉ, મતદાનના પ્રથમ તબક્કા પહેલા, અદાલતના આદેશનું પાલન કરીને વધારાની મતદાર યાદી પણ પ્રકાશિત કરાઇ હતી. તે યાદીમાં પ્રથમ તબક્કા માટે 139 મતદારોના નામનો સમાવેશ કરાયો હતો.

# GUJARAT LOCAL ELE DATA

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં મોટા ભાગની બેઠક પર ભાજપનો વિજય થયો છે.

અત્યાર સુધી મળતી માહિતી મુજબ, ભાજપે નવ હજાર 200થી વધુ બેઠકમાંથી સાત હજાર 424 થી વધુ બેઠક જીતી છે. 1720 થી વધુ બેઠક કોંગ્રેસના ફાળે ગઈ છે. 740 બેઠકો પર અન્ય પક્ષના ઉમેદવારો ચૂંટાયા છે. રાજ્યની તમામ મહાનગરપાલિકામાં ભાજપે જીત હાંસલ કરી છે.

મહાનગરપાલિકામાં ભાજપે 937, કોંગ્રેસે 95 અને અન્ય પક્ષને 12 બેઠક મળી છે.

તો, નગરપાલિકાઓમાં ભાજપે એક હજાર 988 બેઠક જીતી. જ્યારે કોંગ્રેસે 459 અને અન્ય પક્ષે 177 બેઠક જીતી હોવાના અહેવાલ છે.

જિલ્લા પંચાયતોમાં પણ ભાજપે 887 બેઠક જીતી છે. જ્યારે કોંગ્રેસે 136 અને અન્ય પક્ષે 60 બેઠક પર ખાતું ખોલાવ્યું છે. તો, તાલુકા પંચાયતમાં ભાજપને ત્રણ હજાર 612, કોંગ્રેસને એક હજાર 39 અને અન્ય પક્ષને 491 બેઠક મળી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતની જનતાનો આભાર માન્યો છે. તેમણે કહ્યું, રાજ્ય સરકારના પ્રજાલક્ષી અને વિકાસમૂલક કાર્યોને માન્યતા આપતા ગુજરાતના લોકોએ સુશાસનની રાજનીતિ પર ફરી એક વાર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયત માટે ગત રવિવારે મતદાન થયું હતું.

# INTERMINISTERIAL BRIEFING

કેન્દ્ર સરકારે દેશભરમાં ઘરેલુ LPG, ઘરગથ્થુ PNG અને પરિવહન માટે CNGનો 100 ટકા પુરવઠો સુનિશ્ચિત કર્યો છે. નવી દિલ્હીમાં આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે, ઘરેલુ LPG પુરવઠો સ્થિર છે. તેમણે કહ્યું કે સરકાર 70 ટકા સુધી વાણિજ્યિક LPG અને PNG પુરવઠો પુનઃસ્થાપિત કરી રહી છે, જેમાં હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

( BYTE- SUJATA SHARMA )

કાપડ મંત્રાલય પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. કાપડ મંત્રાલયમાં વેપાર સલાહકાર બિપિન મેનને જણાવ્યું હતું કે શિપિંગ વિક્ષેપો અને પરિવહન જેવા મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે, નિકાસકારોને વૈકલ્પિક માર્ગો અને જેદ્દાહ જેવા બંદરોનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV GOVT - HEAT WAVE ADVISORY

કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વધતા તાપમાન અને ગરમીના પ્રતિકૂળ પ્રભાવોથી કામદારો અને મજૂરોને બચાવવા માટે દેશવ્યાપી હિટવેવ અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને વહીવટકર્તાઓને લખેલા પત્રમાં, ખાસ કરીને બહાર અને શ્રમ-સઘન ક્ષેત્રોમાં કાર્યરત કામદારોને સુરક્ષિત રાખવા માટે સંકલિત, બહુ-ક્ષેત્રીય અને બહુ-પરિમાણીય અભિગમની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. સાંભળીએ એક અહેવાલ..

( V/C - AMAN/DIPENDRA )

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી આસામ અને મેઘાલયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આવતીકાલે અરુણાચલ પ્રદેશ, કેરળ, માહે, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આવતીકાલે હિમાચલ પ્રદેશ, કર્ણાટકના આંતરિક ભાગો અને ઉત્તરાખંડમાં વાવાઝોડા અને કરા પડવાની આગાહી કરી છે.

# REV ASHWINI-AI-HUB

કેન્દ્રીય રેલવે અને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુની હાજરીમાં વિશાખાપટ્ટનમમાં ગૂગલ ક્લાઉડ ઇન્ડિયા એઆઈ કેન્દ્રનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે દેશ મોટા પાયે ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન, સેમિકન્ડક્ટર ઉત્પાદન, અદ્યતન ચિપ ડિઝાઇન અને AI ટેકનોલોજી તરફ આગળ વધી રહ્યો છે. તેમણે નોંધ્યું હતું કે સ્માર્ટફોન હવે ભારતનું સૌથી મોટું નિકાસ ઉત્પાદન બની ગયું.

શ્રી વૈષ્ણવે વિશાખાપટ્ટનમને દેશના ઉભરતા AI સ્થળ તરીકે વર્ણવ્યું અને કહ્યું કે આ શહેર ટૂંક સમયમાં "AI પટનમ" તરીકે જાણીતું બનશે.

# RAJNATH-KYRGYZ MEET

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે બિશ્કેકમાં SCO સંરક્ષણ મંત્રીઓની બેઠક દરમિયાન કિર્ગિસ્તાનના સંરક્ષણ મંત્રી મેજર જનરલ મુકમ્બેતોવ રુસલાન મુસ્તફાવિચ સાથે મુલાકાત કરી હતી. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી સિંહે જણાવ્યું હતું કે, બંને નેતાઓ વચ્ચેની બેઠક ફળદાયી રહી. તેમણે કહ્યું કે ભારત અને કિર્ગિસ્તાન વ્યૂહાત્મક ભાગીદારો છે. શ્રી સિંહે ભાર મૂક્યો હતો કે ભારત કિર્ગિસ્તાન પ્રજાસત્તાક સાથે તેની ભાગીદારી વિકસાવવાને ઉચ્ચ પ્રાથમિકતા આપે છે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે ન્યુ ચંદીગઢના મુલ્લાનપુર ખાતે પંજાબ કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે પંજાબ કિંગ્સના 4 ઓવરમાં 1 વિકેટે 48 રન થયા છે.